સાલ : ૧૭ / સિલસિલાવાર નંબર : ૧૫૩ / શુમારો : ૩ બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ કુલ પાના - ૧૬

مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. જુમાદિલ ઉલા - જુમાદિલ ઉખરા ૧૪૪૧ / જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૨૦

# ઈસ્લામી સંસ્કૃતિ – Islamic Civilization

## ઈસ્લામી તમદદુનના ઊસૂલ

દીને ઈસ્લામની બુનિયાદ યૌમે અઝલથી છે. જિન્નો ઈન્સની પૈદાઈશ પહેલાથી છે. ઈબાદત અને દોઆના સરચશ્મા અને તરીકા ઝમીનો આસ્માનની તખ્લીકના પહેલેથી છે. ઈસ્લામ યાઅની હરએક આલમ પછી તે, રૂહાની હોય યા જિસ્માની હોય, અલ્લાહ અને અલ્લાહના વલીને પોતાની પૂરેપૂરી ઝાતને સોંપવી છે. હરએક અમર, હુકમ, ફરમાન અને ફરઝોને હર હાલમાં, સખ્તીમાં કે સહેલાઈમાં, ઉચકવું છે.

મૌ. આદમ સફીયુલ્લાહ (અ.સ.) નો ઝમાનો આવો તો, આપે પહેલી વાર ઈન્સાનોના દરમિયાન ઈસ્લામના બુનિયાદી અહકામ અને ફરમાનો જારી કીધા. આ ફરમાનોની તરતીબ એટલી મુશય્યદ, પાકી, મુકમ્મલ અને પુરઅસર હતી કે, તે ઝમાનાથી આજ તક તેમાં ફેરફારની કોઈ ગુંજાઈશ રહી નથી. હરએક ઊસૂલો ફરમાન તેની જગા પર બરાબર છે. મૌ. આદમ નબી બાદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તક ૬ હઝાર સાલ ગુઝરા, પણ ઈસ્લામી તમદદુન-ઈસ્લામી સંસ્કૃતિના આ ૧૪ અહકામ એવા છે કે, **હરએક નબીએ તેના ઉપર અમલ કીધો.** લોગોને તેની હકીકત સમઝાવી. આ અહકામ પર ચાલવાથી ઝાતી, સમાજી, તિજારતી, નફસાની, અકલી, સિયાસી અને બાહમી તઅલ્લુકાત કેટલા મઝબૂત અને પાકીઝા થાય છે, તેનાથી જો લોગો વાકિફ થઈ જાય તો ઝમાના માંથી બદકારી, મક્કારી, ગદ્દારી, ગુમ્રાહી અને બેશરમી મિટી શકે છે.

આ અહકામ તે છે કે, જેની ઝિક્ર મૌ. મૂસા કલીમુલ્લાહ (અ.સ.) પર નાઝિલ થયેલા અલ્વાહ (મુબારક સ્લેટો) પર લખવામાં આવા હતા. જે શખ્સને ઉમ્મીદ હોય કે તે, પોતાની નફસને તાઅમીર-તરક્કીના દરજાઓ ચઢાવે તો તેને જોઈએ કે, આ અહકામને કુલ્લી તરહથી લઈ ઉઠે. આ કઈ માઅમૂલી અહકામ નથી, પણ અલ્લાહતઆલાએ રસૂલુસ્સકલૈનને મેઅરાજની રાતે ફરમાવા હતા. **મેઅરાજની રાતની હર ચીઝ અનોખી, બેનઝીર અને અજાઈબ હતી.** તે વક્તના આ ફરમાન છે. તો સાબિત થયું કે, આમાં અલ્લાહએ એવી કૂવત અને તાકત આપી છે કે, તેના પર ચાલનારની ઝિંદગી, દુનિયા-આખેરત પુરનૂર થઈ શકે છે, તે કામિયાબ થઈ શકે છે. આ અહકામની શરૂઆત પણ તૌહીદથી છે અને તેની ઈન્તેહા પણ.

### ઈસ્લામી તમદદુનના ૧૪ ઊસૂલોનો ખુલાસો આ મુજબ છે :

૧) તૌહીદની બુનિયાદ એ છે કે, અલ્લાહતઆલા જ પૂરી કાએનાતના પૈદા કરનાર છે. એના સિવાય કોઈ ખુદા નથી, ઈલાહ નથી, માલિક નથી. યાઅની અલ્લાહનો કોઈ ભાગીદાર નથી. તે એક છે અને એકલો છે. જે લોગોએ અલ્લાહતઆલાની સલ્તનતમાં બીજાને શરીક કીધા તે મુશ્રિકો કહેવાયા.

૨) તૌહીદ અને અલ્લાહની યકતાનીયતના બાદ એની ઈબાદતને સાથે સાથે માઁ-બાવાજી સાથે અહેસાન, રહેમદિલી, નમનતાઈ, અદબ અને બહેતર સુલૂક કરવો છે. જે મુજબ નાનપણમાં માઁ-બાવાજીએ ઔલાદને સંભાલી તે

(બકીયાહ પેજ નં. ૨ પર)

**પૂરા દિનની બરકત ફજરની ખુશહાલી છે.**

(પેજ નં. ૧ નું બાકી)
મુજબ તેમની બુઝુર્ગી-ઝઈફીમાં ઔલાદ પર વાજિબ બને છે કે, તેના વાલેદૈનને સંભાલે. અલ્લાહની ઈબાદત અને વાલેદૈનની ચાકરી-ખિદમત ગહેરો તઅલ્લુક રાખે છે. ખિદમતે વાલેદૈન બગૈર પૂરી ઝિંદગીની ઈબાદત ધૂલ છે.

૩) ઘરવાલા, કરાબતવાલા, રિશ્તેદારો, અઝીઝો, પડોશીઓ, મિસ્કીનો અને મુસાફિરોનો હક્ક જે મુજબ શરીઅત ફરમાન કરે છે તે મુજબ અદા કરવું છે. **દીનદારી એ જ છે કે, જે જેનો હક્ક હોય તેમને વક્ત પર અદા કરવું છે.** કોઈ પરહેઝગાર હોવાનો ખૂબ દાઅવો કરે પણ તેએ તમામના હક્ક મારા હોય, તમામ તેનાથી નાખુશ હોય, તો તેના નૈક દેખાવવું ફરૈબથી કમ નથી.

૪) જે વક્ત કોઈ ચીઝ ખરીદ કરવા વાસ્તે ખર્ચો કરે તો અક્લના મીઝાનમાં તેની કીમતને મુકે. ખર્ચ એ મુજબ કરે કે ઝરૂરી હોય, તેનાથી હાજિત બર આવતી હોય. ફિઝૂલ-ખર્ચી કરનાર બિલાશક શયતાનના ભાઈઓ છે. આમ કરવાથી ગૈર-ઝરૂરી ચીઝોનો ઝખીરો ઘરમાં થઈ જાય છે. આજના માહૌલમાં મોલ-સુપર માર્કેટ-ઓનલાઈન ટ્રેડીંગનો એક સડો, હરિફાઈ, જુનૂન, ઘેલપણ અને અદેખાઈની આગ ભડકી ઉઠી છે. આવા વક્તમાં દરમિયાની ચાલ ચાલવાની ઝરૂરત છે. ના ઓછું ના વધારે.

૫) અલ્લાહતઆલા દૌલત આપે તો ખૈર વાસ્તે ખરચવું ઝિયાદહ પસંદીદહ છે. દૌલત તો તમામ પાસે હોય છે, કમ યા ઝિયાદહ, ઝાહિરમાં કે બાતિનમાં. ખરચનારને જોઈએ કે, તે તેની દૌલત હલાલ-તૈયેબ-પાક ચીઝ વાસ્તે ખરચે છે યા નહીં કે હરામ વાસ્તે. ખૈર અને બહેતરી વાસ્તે ખર્ચ કરવું કઈ ફિઝૂલ-ખર્ચી નથી. શર ચીઝ વાસ્તે થોડું પણ ખરચવું હરામ છે.

૬) અલ્લાહતઆલાએ હર ચીઝને પૈદા કીધા બાદ તેની રોઝીનો બાખૂબી ઈન્તેઝામ કીધો છે. આ દુનિયામાં કોઈ જાન રિઝક બગૈર નથી. યહાઁ તક કે, બચ્ચાની પૈદાઈશને સાથે સાથે તેનું રિઝક તેના માઁના દૂધમાં મુકેલું છે. **પૈદાઈશ બાદ કોઈ શખ્સનો તેની ઝિંદગી પર કબ્ઝો નથી.** ના તો તે ઝિંદગીને દરાઝ કરી શકે છે, ના તો તે તેન ટુંકાવી શકે છે. તમામ રિઝક, પછી તે આસ્માનથી હોય યા ઝમીનથી હોય, અલ્લાહતઆલા તેનો માલિક છે. કોઈ કોઈને નોકરી-મુલાઝેમત પર રાખે તો તે ફક્ત રોઝીનો એક ઝરીઓ જ બને છે.

૭) નસલને બંધ કરી દેવી, ઔલાદને મારી નાંખવી, દીકરીઓને મૌતને ઘાટ ઉતારી દેવી, ઔલાદ લેવા વાસ્તે તાખીર કરવી, આ તમામ બદી છે. કોઈ મોહતાજગીના ડરથી, તો કોઈ મકાન ના હોવાના બહાનાથી, તો કોઈ કરીયર બનાવવાની ફિરાકીમાં, તો કોઈ દીકરો જ થાય તેની ખ્વાહિશમાં લોગો ગૈર-શરઈ કામોમાં પડેલા હોય છે. **એબોર્શન કરાવવું ઘણો મોટો ગુનાહ છે.** ગૈર-જાઈઝ તઅલ્લુકાતને છુપાવવા વાસ્તે હાલના વક્તનો શયતાની રસ્તો છે.

૮) ઝિના, ઝિનાખોરી અને ઝિના તરફ લઈ જાનાર તમામ તરીકા અને રસ્તા બુરા છે. તે સમાજ વાસ્તે બટ્ટો છે, શરમનાક છે. ઝિનાખોરી, બેશરમીની ઈન્તેહા છે. ઝિનાની ઔલાદ કાબિલે કત્લ છે. હક્કના સાહેબનો દુશ્મન યા તો હૈઝઝાદો હશે યા ઝિનાઝાદો હશે. નિકાહશુદા બૈરો સિવાય કોઈપણ તરહનો જિસ્માની રિશ્તો બીજા બૈરો સાથે બાંધવો તે ઝિના છે. બેપરદગી, ઉરયાની, લિબાસ-શિકની, આવારાગર્દી, જિસ્મ-નુમાઈ, શબ-ગશ્તી, બેચાદરી, ઝિનાના મુખ્તલિફ અસ્બાબ છે. આજે દીકરીઓનું રસ્તા પર અને બાઝારમાં કોઈ મહેરમદાર બગૈર ટૂંકા લિબાસમાં અને રિદા બગૈર ફિરવું તે ઝિનાનું પહેલું પગથિયું છે. પહેલી ઝિના નઝરથી થાય છે, પછી ઝબાનથી થાય છે.

૯) કોઈને નાહક્ક કત્લ ના કરે, યા ખુદને કત્લ ના કરે. **ઈસ્લામ દીનનો પૈગામ સલામતીનો છે.** દહેશતગર્દી કરનાર અને માઅસૂમ લોગોનું કત્લે આમ કરનાર કોઈ વક્ત મુસલમાન હોઈ શકતા નથી. દુનિયામાં ઈસ્લામના નામ પર,
(બકીયાહ પેજ નં. ૩ પર)

**ખુશહાલી દોઆ અને ઈબાદત સિવાય મિલતી નથી.**

(પેજ નં. ૨ નું બાકી)

જેહાદની શિક્લમાં, મૌ. અલી (અ.સ.) ની મોહબ્બતથી જેમના દિલ ખાલી છે, તેઓએ દીનને એક ખિલોનું બનાવી દીધું છે અને જેમ મન ફાવે, ફાયદો દેખાય તેમ લોગોને બેવકૂફ બનાવે છે અને આ દહેશતગર્દીથી પૂરા આલમમાં મુસલમાનો રૂસવા થાય છે. નાહક્ક કત્લ કરનાર કાતિલનો અંજામ પણ બુરો થાશે, તેના બદ-ઈરાદા નાકામ થાશે અને જે માઅસૂમનું કત્લ થયું હશે તેની અલ્લાહતઆલા મદદ કરશે અને તેની ઔલાદને ઈઝઝતદાર કરશે.

૧૦) જે બચ્ચા પર યતીમીની ચાદર આવી ગઈ હોય અને માઁ-બાવાજીનો શફકતનો સાયો ઉઠી ગયો હોય, તો તેની કફાલત કરનાર તે યતીમ બચ્ચાંના મુહાફિઝ બને, મુશાવિર બને અને હિદાયતનુમા બને. બચ્ચાંની પરવરિશ કરવાને સાથે-સાથે તેના માલની, મિલકતની અને જે કઈ તેમને વિરાસતમાં મિલું હોય તેની પૂરી હિફાઝત કરીને તે અમાનતને સાચવે. જહાઁ તક કે, યતીમ બાલિગ ના બને વહાઁ તક દૌલતને પૂરી ઈમાનદારી સાથે સાચવે, પછી સિપુર્દ કરી દે. અમાનતને સાચવવામાં જેકઈ તે ખર્ચ કરે તે તેના માલિક યતીમોને બરાબર બતાવીને અને સમઝાવીને ખર્ચ કરે. તમામ ચીઝનો હિસાબ રાખે અને અમાનતમાં ખયાનત ના કરે.

૧૧) દુનિયાના તમામ રિશ્તા, વહેવાર અને વેપાર એતેમાદ,એતેબાર, વિશ્વાસ અને ભરોસા પર ટીકેલા હોય છે. એકવાર જો વિશ્વાસઘાટ થયો તો તમામ તઅલ્લુકાત ખત્મ થઈ જાય છે. આ ભરોસાને અપના અકીદાની ઝબાનમાં મીસાક, બયઅત, પૈમાન, અહદ અને વચન કહે છે. લોગો રોઝ કોઈના કોઈ તરહથી બીજા સાથે વચન કરતા હોય છે અને તેને પાલતા હોય છે. આ વચન દુનિયાવાલા સાથે દુનિયાદારીને લગતા હોય છે. પણ દાઈએ હક્કને નઝદીક તેના મુમિન જે તરહ અહદ-મીસાક અરઝ કરે છે તે, તે મુમિનની દુનિયા-દીનને ઘેરી લે છે. **આ મીસાક દીનની જાન છે અને તે વાસ્તે મુમિનને પૂછની થાશે.** તેના વાસ્તે આખેરતમાં અઝાબ-સવાબનો ફેસલો મીસાકની પાબંદી પર થાશે. દીનમાં ફિત્નાની જડ, મીસાકને તોડવો છે અને સાહેબે હક્કને ધોકો દેવો છે.

૧૨) કોઈ પણ તરહનો વેપાર હોય તે ઈન્સાફથી હોવો જોઈએ. કોઈ પણ મઝહબનો શખ્સ હોય, તે નાની ચીઝ લેવા આવે કે મોટી, વેપારી પર વાજિબ છે કે તેનો માપ-તોલ બરાબર કરે. ઘરાક સાથે છેતરપિંડી ના કરે. **જે રકમ તેના પાસેથી લે તે જ મુજબ માલ આપે.** તે જ ખૈર છે. કોઈ ડીલ-ઓર્ડર મુકર્રર થાય અને તે વક્ત જે ગુફતગૂ થાય, વચન આપવામાં આવે, માલ બતાવવામાં આવે, તે જ મુજબ અમલ કરવો જોઈએ. આમ કરવાથી જ વેપારમાં બરકત થાય છે, ઘરાક સાથે તઅલ્લુક બંધાય છે અને હર ડીલ બહેતર અંજામ તક પહોંચે છે.

૧૩) અલ્લાહતઆલાએ ઈન્સાનના જિસ્મને ખૂબ હિકમતથી પૈદા કીધું છે. દીને ઈસ્લામના ૭ અરકાન ઝાહિર કરીને ઈમાનને બાતિનમાં રાખું છે, છુપેલું રાખું છે. જિસ્મના આઅઝા ૭ અરકાન મુજબ અમલ તો કરે છે પણ બાતિનમાં તે તમામ પર ઈમાનને અલગ-અલગ ફરઝ કરી દીધું છે. આ આઅઝામાં દિલ, કાન, આઁખ અને ઝબાન ઈન્સાની આઅમાલમાં મરકઝી કિરદાર અદા કરે છે. જો આ કિરદાર ભલાઈ અને ખૈર પર હોય તો તે ઈન્સાનને ઔજ અને બલંદી પર લઈ જાય છે. આ ચારે ચીઝોને પાકીઝા રાખવા મુમિનને જોઈએ કે, તે જે ચીઝને જાણતો ના હોય, તેની પૈરવી બિલકુલ ના કરે. હકીકત જાણા બગૈર કોઈની વાતમાં ના આવે. **દીન અને દીનના સાહેબ વાસ્તે ઝર્રા બરાબર શક દિલમાં દાખિલ થાવા ના દે.** જે ચીઝ વાસ્તે તેને સમઝ ના પડે તો એમ સમઝે કે, તે તેની અક્લનો કુસૂર છે, બાકી શરીઅત તો બરાબર જ છે. આ ચારે ચીઝોથી કીધેલા આઅમાલનો સવાલ થાશે.

૧૪) તકબ્બુરી, નખવત, ઘમંડ અને હુંપણું ઈન્સાનનો અવ્વલ દરજાનો દુશ્મન છે. તે શયતાનની આગ છે. આ આગ ઈતાઅત અને મીસાકને જલાવી દે છે. ઈન્સાનને રહેમતનું ફૂલ નહીં પણ નફરતનો કાંટો બનાવી દે છે.

(બકીયાહ પેજ નં. ૬ પર)

**બીજાની ઝિક્ર પહેલા ફજરમાં ખુદાની ઝિક્ર બહેતર અને ફાયદામંદ છે.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ – બની ઈસરાઈલની સબકઆમોઝ કહાનીઓ
### કિસ્ત - ૪૪

**અય અલ્લાહના બંદા! તમેં અલ્લાહના બનો તો અલ્લાહ તમારા બની જાશે.**

અલ્લાહતઆલાએ એની શરીઅત ઈન્સાફની બુનિયાદ પર બનાવેલી છે. કેવો ઈન્સાફ કે, એની નિગાહમાં તમામ યકસાઁ છે. આ આલમ, આલમે જિસ્માની છે. હર શખ્સ જિસ્મો જાનથી બનેલો છે. જિસ્મ, પસ્ત અને ફના થાનારૂં છે, મગર જો કોઈની કીમતો કદર છે તો તે જાન છે. આ જાનને હમેં નફસ કહીએ છીએ. પોતાના નફસને હમેં ખુબસૂરત બનાવીએ છીએ યા બદસૂરત કરી દઈએ છીએ, તે ફક્તને ફક્ત હમારા હાથમાં છે. જે મુજબ એક તસ્વીરકાર પોતાની તસ્વીર બનાવવામાં મહેનત કરે છે કે, તેના મકસદને ખુબસૂરતી સાથે પૂરો કરી શકે, નહીં તો, તેની તસ્વીરની કોઈ કીમત કે અહેમીયત બાકી રહેતી નથી. હમેં હમારી નફસના તસ્વીરકાર છીએ.

ખુદા અને એના રસૂલની ફરમાઁબરદારી અને ઈતાઅત નફસને ખુબસૂરતી બખ્શે છે. હમારી બદી તેને બદ અને ખસ્તા બનાવી દે છે. આ જ બદી હમારી નફસને ખુદા અને એના રસૂલની ખુશીથી દૂર લઈ જાય છે અને પછી તે શયતાનની ટોલીમાં શરીક થઈ જાય છે. માલિકથી એનો ગુલામ ગદ્દારી કરે, **તો તે ગદ્દારની હાલત લાવારિસ જેવી થઈ જાય છે.** હમને હમારી નફસ સાથે ઈમાન અને અમલે ખૈરની વિરાસત મિલેલી છે. આ કરીમાના અઝીમાના વિરાસતને હમને હર હાલમાં સાચવવાની છે.

નફસને એ તરહ તૈયાર કરવી જોઈએ કે, દુનિયાની દૌલતને એ શખ્સ એ મુજબ ઈસ્તેમાલ કરે કે, તે નફસ વાસ્તે તરક્કીએ આખેરતનો સબબ બને. **સવાબ અને મકામનો હક્કદાર બને.** નફસે ઝકીયહ અને નફસે તાહેરહનો દરજો હાસિલ કરે. મગર, આ મકામ પર જાવું આસાન અને સહેલ નથી. દુનિયાની હરએક ચીઝને આખેરતની યાદ તાઝા કરવાની નિય્યતથી જોવી જોઈએ. આ ચીઝોમાં દૌલત ભારીમાં ભારી છે. કોઈના પાસે દૌલત આવા બાદ જલ્દી તેના હાથ માંથી છુટતી નથી. દૌલત આવા બાદ જે પોતાના સિવાય બીજાના હક્કને બરાબર સમઝે તે હકીકી અવ્વલ દરજાનો ખુદાનો મુખ્લિસ બંદો બને છે. પોતાનો માઅમૂલી હિસ્સો રાખીને બંદાથી જેટલી દૌલતની સખાવત થઈ શકે તે કરી લે, કેમકે એનો આ અમલ એને આખેરતમાં સવાબો જઝાની દૌલત કમાઈને આપશે.

### કિસ્સો

એક ઈસ્રાઈલી મુખ્લિસ શખ્સ, કોઈ દૌલતમંદ-અમીરના ઘર પર કામ કરતો હતો. કામ ઘણું સખ્ત હોવાથી તે મઝદૂરી કરતા-કરતા થાકી જાતો હતો. એક દિન તે અમીરે આ મઝદૂર સાથે એવું ભારી કામ કરાવું કે, તેના હાથ-પગ એક થઈ ગયા. થાકીને ચૂર-ચૂર થઈ ગયો. ઘરે આવીને ઈબાદત કરતા કરતા એક દોઆ કીધી કે, “અય ખુદા રબ્બુલ ઈઝઝત! આજે હું તારી બારગાહમાં ઉમ્મીદો હાજિત સાથે હાઝિર થયો છું. તું મારી દોઆને સાંભલનાર છે. તું મારી મઝદૂરી અને મહેનત પર રહેમ કરનાર છે. હું આજે તારા ઉપર પૂરો તવક્કુલ કરીને એમ નઝર માનું છું કે, જો તું તારા ફઝલો કરમથી મને મારા જેટલું રિઝક અતા કરીશ તો તે રિઝક વાસ્તે મારી નિય્યત છે કે, તેમાંથી દસમો હિસ્સો (ઉશ્ર) હું સદકો કરી દઈશ.”

આ મઝદૂરની દોઆ પૂરી થઈ નથી કે, તેના કાન પર એક નિદા દેનારની આવાઝ આવી. તે પુકારતો હતો કે, **“છે કોઈ એવો મઝદૂર જે મારા સાથે કામ કરવા આવે!”** તે મઝદૂર ઘરથી બાહર નિકલો અને તે પુકારનાર શખ્સ સાથે થઈ ગયો. કહ્યું કે, “અય ભાઈ! જો તુંને મારા સાથે મઝદૂરી મન્ઝૂર હોય તો હું તુંને દસ દિવસના દસ દિરહમ આપી

(બકીયાહ પેજ નં.૧૦ પર)

**ફજરમાં જલ્દી ઉઠવું ઝોહાદતની નિશાની છે.**

## અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૮
## અલવી અકીદાઓ - અકીદો - ૯ અને ૧૦

**મુકદ્દેમો-પ્રસ્તાવના:**

આલે મોહંમદ (અ.સ.) માંથી મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના બાદ આપની નસ્લે અત્હર માંથી હક્કના ફાતેમી ઈમામોનો અતૂટ સિલસિલો નસ-બ-નસ જારી થયો. એ વાત અલગ છે કે, ચંદ ઈમામો ઝાહિરમાં રહ્યા અને ચંદ સતરમાં રહ્યા, મગર એ તમામની ઈમામતે ઈલાહીયહ હકીકીયહનો એક નાદિર-બેમિસાલ અને મુનઝઝમ-મઝબૂત નિઝામ હતો. ૫૨૮ હિ. નો એ તારીખી વાકેઓ છે કે, જે વક્ત ૨૧ માં ફાતેમી ઈમામ મૌ. અબુલ કાસિમ અત્તૈયેબ (અ.સ.) સતરમાં પધારી ગયા, પણ આજે આપની આલના ઈમામો સતરના ઝમાનામાં આપના દોઆતના ઝરીએ લોગોની હિદાયતનો સિલસિલો કાઈમ રાખી રહ્યા છે.

શમ્સ-સૂરજના મમ્સૂલ ઈમામે હક્ક છે અને કમર-ચાઁદના મમ્સૂલ દાઈએ હક્ક છે. સૂરજની રોશનીથી આ જહાનમાં ઝિંદગી છે. ચાઁદ-સિતારાનો વુજૂદ સૂરજના હોવાથી કાઈમ છે. આ જહાનમાં અમુક વક્ત દિવસ હોય છે અને અમુક વક્ત રાત હોય છે. રાતમાં સૂરજ પોશીદા થઈ જાય છે, મગર તેનો વુજૂદ તો બાકી જ રહે છે. તેની રોશનીનો ફૈઝ ચાઁદ-સિતારા ઉઠાવે છે. જો સૂરજ જ ના રહે તો ચાઁદ-સિતારા યા જહાન ખત્મ થઈ જાય. **પણ સતરની રાતમાં ઈમામે હક્ક (સૂરજ) ની જગા પર દાઈએ હક્ક (ચાઁદ) હાઝિર છે**, જે ઈમામના હોવાની પુખ્તા દલીલ છે. ઈમામ બગૈર એમના નીચેના દરજાના હુદૂદ (દાઈ, માઝૂન, મુકાસિર) બાકી રહી શકતા નથી, પણ જો આ હુદૂદમાં કમી-ઝિયાદતી વાકેઅ થાય તો ઈમામતના દરજાને કોઈ નુકસાન પહોંચતું નથી.

હર ઝમાનમાં સાહેબે હક્ક સામે સાહેબે ફિત્ના થયા જ છે. ૪૦ હિ. માં મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની કૂફાની મસ્જિદની મહેરાબમાં શહાદતે ઉઝમા વાકેઅ થયા બાદ મુઆવીયહએ ઈસ્લામી સલ્તનતની બાગદોડ પોતાના હાથમાં લઈને ઈમામતના આઅલા દરજાને હાસિલ કરવાની નાકામ કોશિશ કીધી હતી, પણ રસૂલુલ્લાહ બાવાજીએ આપની ઝિંદગીમાં જ આપના બેવે નવાસા, મૌ. ઈમામ હસન (અ.સ.) અને મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) પર નસ્સે ઈલાહી કરીને મૌ. અલી બાદ ઈમામતના દરજા પર ફાઈઝ કરી દીધા હતા. નુબૂવત બાદ, વસાયત અને ઈમામતના આ ઈલાહી અમરને કોણ મિટાવી શક્તું હતું?

તે બાદ, ઈમામૈન અઝીમૈન, મઝલૂમૈન હસ્નૈન (અ.સ.) ની પણ શહાદતે પુરમલાલ વાકેઅ થઈ અને બનૂ ઉમય્યહના બાતિલપરસ્તોના ઝોરના સબબ હુકૂમતની શિક્લમાં ઝાહિરી ફાતેમી ઈમામતનો દૌર ઝમાનામાં મુમ્કિન થયો નહીં. ફાતેમી ઈમામો ગોશાનશીન રહીને બાતિનમાં ઈમામતની બાગદોડ સંભાલતા રહ્યા અને આપના શીઆઓને સિરાતે મુસ્તકીમ પર ચાલવાની હિદાયત દેતા રહ્યા. મૌ. ઈમામ અલી ઝૈનુલ આબેદીન (અ.સ.), મૌ. ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) અને પાઁચમાં ઈમામ મૌ. જાઅફરૂસ્સાદિક (અ.સ.) **શામના ઝાલિમોથી દૂર રહીને મદીનામાં ઘણી જ સાદગીથી ઈમામતે ઈલાહીયહના કુલ્લી ઊમૂરને અહલે ઈમાન દરમિયાન લઈ ઉઠા.** શરીઅતે મોહંમદીયહ મુબારકહનો લોગોને પાબંદી સાથે અમલ કરાવતા રહ્યા. ખાસ તો એ કે, જે અસ્હાબ અને શીઆઓ આપના ખૂબ કરીબ હતા, તેઓના દરમિયાન હકીકતના ઈલ્મ અને તાવીલના નુક્તાઓ બયાન કરતા રહ્યા. પોતાના મુખ્લિસ માનનારાઓના અલગ-અલગ તબકાની અક્લી હૈસીયત અને ઝહેની સુલાહીયત મુજબ ઈલ્મની વહેંચણી કરતા રહ્યા. આ તરહ ઈમામે આલે મોહંમદ (સ.અ.) આપના બૈતુશ-શરફ પર લોગોને બોલાવીને તેની કદરો મંઝેલત મુજબ મુખ્તલિફ મૌકાઓ પર ઈલ્મની નહેરો જારી કરતા રહ્યા.

(બકીયાહ પેજ નં. ૬ ૫૨)

**ખુદાની ઝિક્ર દિલો ઝમીરને પાકીઝા બનાવે છે.**

(પેજ નં. ૫ નું બાકી)

**અકીદો ૯ : અલ્લાહતઆલા સિવાય બીજો કોઈ માઅબૂદ નથી.**

કોઈ ઈલાહ યા ખુદા, અલ્લાહ હોય જ ના શકે કેમકે, તે અલ્લાહની શાન હર શાનથી નિરાલી, ઊંચી અને ચઢીયાતી છે. એનું પૂરેપૂરૂં હોવું, કામિલ હોવું, બિલા નુકસ હોવું એ મુજબ બલંદ છે કે, મોટામાં મોટો અકલમંદ પણ એની માઅરેફત કરવાનો દાઅવો નથી કરી શકતો. દુનિયાની તમામ ઝબાનો અલ્લાહતઆલાની સિફતો સના અને તાઅરીફ કરવામાં કુસૂરવાર છે, આજિઝ છે. જે લોગો અલ્લાહતઆલાના નામ પર, કોઈ મખ્લૂકને પછી તે જાનવર હોય કે મુરદાર હોય, જિસ્માની ઢાંચામાં વાલીને તેની ઈબાદત કરે અને ખુદા માની બેસે, તે મુશ્રિક છે.

એ અલ્લાહ સિવાય હકીકતમાં કોઈ ઈબાદતને લાયક નથી. એ બધી જ ઈઝઝત, અઝમત અને કમાલમાં ફૌક અને બલંદતર છે. એની અઝમત એની હરએક નાની-મોટી મખ્લૂકમાં દેખાય છે. પછી ભલેને તેની બોલવાની, રહેવાની અને જમવાની ઢબમાં ઈખ્તેલાફ હોય. કોઈ પણ ચીઝ ગમે તેટલી તાકતવાલી હોય મગર આખિર તો થાકીને અલ્લાહના તરફ પલટે છે. અકલ પણ જે વક્ત પૈદા થઈ તો પોતાની ઝાતની અને પોતાના ખાલિકની તહેકીક-તફતીશ કીધા બાદ અલ્લાહનો એતેરાફ કરીને, ફિકર કરીને તે વાત તરફ વલે છે કે, **તેને કોઈ વુજૂદમાં લાવનાર છે, તેના પર કોઈ કબ્ઝો રાખનાર છે.**

તે હાલમાં કે, અલ્લાહને કઈ તરફ અને કઈ તરહ પુકારવો એ અલ્ફાઝ અને જગા તે અકલને મિલતી નથી. તે મજબૂર એ તરહથી છે કે, અલ્લાહના કમાલ-બલંદીથી બયાની તે કરી શકતી નથી. અલ્લાહની કરિશ્માઈનો આ હાલ હોય તો પછી કોઈ બીજો એની જગા કઈ તરહ લઈ શકે! અક્લને જે વક્ત અલ્લાહની વહેદાનીયતનું યકીન થયું તે વક્ત એની પહેચાનવાલા તમામ રસ્તાઓને અપનાવી, હર ચીઝને તપાસી, તમામે તમામ અલ્ફાઝને ઈસ્તેમાલ કરી, તે એમ કહે છે કે, કોઈ બીજો ઈલાહ છે જ નહીં મગર એ અલ્લાહતઆલા છે અને એ જ છે કે જેની સિફતો સનામાં તમામ હૈરાન છે.

**અકીદો ૧૦ : અલ્લાહતઆલા એની પૈદાશુદા ચીઝોથી સરખો નથી.**

અલ્લાહતઆલાની એની મખ્લૂકની શિકલો સૂરતથી, માદ્દો-પદાર્થથી, તબીઅતથી સરખામણી ના થઈ શકે. અલ્લાહએ જે ચીઝોને પૈદા કીધી છે તે શિકલો સૂરતમાં એના જેવી હોતી નથી. લેહાઝા, અલ્લાહ હુકમ કરનાર છે અને મખ્લૂક હુકમને ઉચકનારી છે. જે ચીઝો હુકમને ઉચકનારી હોય તે કોતાહ હોય અને ખામીઓથી ભરેલી હોય. તેના જેવી બીજી ચીઝો ઉપર તેની ઝિંદગીનો આધાર હોય. જે સિફતો અને વ્યાખ્યાઓ મખ્લૂક વાસ્તે લગાવવામાં આવતી હોય તે અલ્લાહ વાસ્તે ના લાગી શકે. મખ્લૂકમાં તો સુધારો-ઉમેરો-ઘટાડો-સહારો-થાક-હાજિત લાગુ પડી જાય છે. અલ્લાહતઆલાની ઝાત ઘણી બલંદ છે એવી ચીઝોની સિફતથી, સૂરતથી કે જે ખલ્કમાં મૌજૂદ હોય અને ફના થાનારી હોય. ✩

---

(પેજ નં. ૩ નું બાકી)

તકબ્બુરી કરનાર પર ઝમીન લાઅનત બોલે છે. ઝમીન પુકાર કરે છે કે, અય જાહિલ ઈન્સાન! તું મારી પીઠ પર અકડાઈને ના ચાલ, આ તારી કમ્ઝોર ચાલથી ના તું મને ચીરી શકે છે ના તું મારા પહાડો પર ચઢી શકે છે. જેના માંથી તું પૈદા થયો છે અને તારી મૌત બાદ જેના પેટમાં તારી કબર બનનાર છે તેને જ તું ઠોકર મારીને ચાલે છે. **ઝમીન, તે દીનનું બાતિન છે અને આઅમાલની પેટી છે.** આ બેવે ચીઝને રોશન કરનાર વલાયતે મૌ. અલી (અ.સ.) છે. વલાયત એવો તાકતવર નુસ્ખો છે કે, તે સખ્તમાં સખ્ત તકબ્બુરીને ચકનાચૂર કરી દે છે. જે શખ્સ તકબ્બુરીથી દૂર થાય છે તો તે અલ્લાહતઆલાની રહેમતથી ખૂબ કરીબ થઈ જાય છે. ✩

**રાતે સુતા પહેલા ફજરની નમાઝ વાસ્તે ઉઠવાની ફિકર કરવી તે જાણે પૂરી રાતની ઈબાદતને હમ-પલ્લા છે.**

**જન્નત સજી થી ફાતેમા કા અક્દ જબ હુવા, શાહિદ થે જિબરઈલ ઔર દુલ્હા થે મુરતઝા,**
**પૂરી ઝમીન બખ્શ દી ઝહરા કો મહેર મેં, ઐસા નિકાહ ખલ્ક મેં હોગા ના હુવા થા.**

## ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલો હરામ

### બીમારીની ઝિક્ર : કિસ્ત-૨

આ દુનિયા મુખ્તલિફ તબીઅતોં અને મિઝાજોનું ઘર છે. મૌસમના સાથે સાથે ઈન્સાનની તબીઅતમાં ફેરફાર આવે છે. હર શખ્સની તબીઅત અલગ છે. જે જગા પર તે રહે તેની ઝમીન, આબોહવા અને અનાજનો અસર અલગ થાય છે. આ અસર જો ખૈર હોય તો તેની તબીઅત બહેતર અને ખુશ રહે છે અને જો શર હોય તો તેના જિસ્મમાં બીમારી દાખિલ થાય છે. આના સબબ તેને બુખાર, બેચૈની, કમ્ઝોરી, બલગમ અને પેટની તકલીફ ઊભી થાય છે. તેના ઈલાજ વાતે કોશિશ કરવી જોઈએ. ઈલાજ તમામ વાસ્તે મુબાહ છે, તેમાં કોઈ તરહની બંદિશ નથી. **પણ આ ઈલાજ સાથે નફસાની તાકત અને તહારત હોવી લાઝિમી છે.** જિસ્મ ભલે બીમાર થાય પણ જો ઈન્સાનની નફસ સેહતમંદ હશે તો બીમારી દૂર થાતા વાર નહીં લાગે.

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "કોઈ શખ્સ બીમાર થાય તો ખામોશી ઈખ્તિયાર કરે. ખામોશી બીમારીનો બહેતર ઈલાજ છે. યા ઝબાનથી શુક્રના કલેમાત અદા કરે." અલ્લાહતઆલાને બીમારનો શુક્ર ખૂબ પસંદ છે. પણ બીમારી એવી હોય કે, તેનાથી બરદાશ્ત ના થાય અને તે દર્દના મારે કરાંજે અને આહની નિદા મૂઁહથી નિકાલે, તે હૈસીયતથી કે, તેને ખૂબ તકલીફ થાય અને પછી થોડી રાહત થાય તો અલ્લાહનો શુક્ર કરે, તો આ હાલમાં તે બીમારનું કરાંજવું અલ્લાહને પસંદ છે. આના એવઝ તે બીમાર વાસ્તે નૈકીઓ લખાય છે. શુક્ર કરવાના ખિલાફ જો કોઈ બીમાર બેસબરો બની જાય, બદકલામી કરે, અલ્લાહ અને અલ્લાહની કઝા વાસ્તે ગમે તેમ બોલે, ઘરવાલાને નાહક્ક પરેશાન કરે, ગૈર માઅકૂલ માંગનીઓ કરીને બીજાને તકલીફમાં મુકે, તો એવી હાલતમાં તે બીમારને અલ્લાહ તરફથી કોઈ અજર-સવાબ મિલતો નથી.

ઈન્સાનને જે વક્ત બુખાર-તાવ-હરારત આવે છે તો તે બેબાકલો, બેતાબ અને બેચૈન થઈ જાય છે. બુખાર જાણે કે, આગ મુજબ છે. જે મુજબ આગ કોઈ પણ ચીઝને કમ્ઝોર બનાવી દે છે યા તેને નૈસ્તો નાબૂદ કરી નાખે છે, તે મુજબ બુખાર પૂરા બદનને લોચો કરી નાખે છે, નીચવી દે છે, પૂરી તાકત ખેંચી લે છે. જો આબોહવાના બદલાવના સબબ જિસ્મ તેને બરદાશ્ત કરવામાં નાકામ જાય યા જમવા અને કામ કરવાના લેહાઝથી નામુનાબત પૈશ આવે, ઝૈરો ઝબરી થઈ જાય તો ફૌરન ઈન્સાની જિસ્મ તાવના ઝરીએ જિસ્માની બિગાડનો મુઝાહેરો કરે છે. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "**એક દિનનો બુખાર પૂરા સાલના ગુનાહોંનો કફ્ફારો છે.**" યાઅની બદનમાં બુખાર આવવો એ તરહ ભારી અને શદીદ છે કે, તે ચરબીને ઓગાલી દે છે અને હાડકાને ઢીલા કરી દે છે. એક દિનનો બુખાર ઈન્સાનના એક સાલના નાના-નાના ગુનાહોંને બાલી નાખે છે. તે શખ્સ ગુનાહોંના અઝાબથી આઝાદ થઈ જાય છે.

જે વક્ત હકીમો અને તબીબોએ હદીસે નબવીના આ કલામ સાંભલા અને તેના પાછલની હિકમતને જાણી, તો તમામે રસૂલુલ્લાહ બાવાજીના આ કલામની તસ્દીક કીધી, તેને સાચો ઠહેરાવો અને મઝીદ કહ્યું કે, "ઈન્સાનને જે વક્ત એક દિનનો બુખાર આવે છે તો તે તેને સાલ ભરનો દર્દો અલમ પહોંચાવે છે." હર શખ્સ પર અદબના લેહાઝથી એ ઝરૂરી છે કે, તે બીમારીમાં ખૂબ સબર કરે, શિકાયત ના કરે અને હર બીમારીને ગુનાહોંનો કફ્ફારો સમઝે, ભલે ને તે એક દિનનો તાવ કેમ નથી હોતો. ✪

**પૂરો દિન એક સફર મુજબ છે, જેની શુરૂઆત નૈક સીરતથી થાવી જોઈએ.**

## દરસે કુરઆને કરીમ

### સૂરતુલ બકરહ

બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ

(૧) અલિફઃ અલ્લાહ, લામઃ લોહ, જિબ્રઈલ (અ.સ.), મીમઃ કલમ, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)

(૨) આ કિતાબ તેમાં ઝર્રા બરાબર શક નથી, તે હિદાયત આપનાર છે તકવાવાલા મુમેનીનને. યાઅની મૌ. અલી અને અલીની આલમાં ઝર્રા બરાબર શક નથી જે આલ યૌમે આખિર તક મુમેનીનને હિદાયત આપતી રહેશે.

(૩) આ મુમેનીન કઈ આમ લોગો નથી, પણ તેઓ ગૈબ ઉપર ઈમાન લાવે છે, જે દેખાતું નથી તેના ઉપર પહેલે યકીન રાખે છે. નમાઝને તેના વક્ત પર તેના હક્ક મુજબ અદા કરે છે. અને હમેં તેઓને જે રોઝી-રિઝક અતા કીધું તેમાંથી તેઓ ખર્ચ કરે છે.

(૪) અને મુમેનીન તે છે કે, જેઓ આપ ઉપર, અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), જે કઈ ઉતારવામાં આવું અને તે કિતાબો-સહીફાઓ જે આપના પહેલે મુખ્તલિફ નબીઓ ઉપર ઉતારવામાં આવા અને આ સાથે આખેરતનું તે સઘલા પુખ્તા યકીન રાખે છે.

(૫) આ સઘલા મુમેનીન તેઓના રબના તરફથી આવનારી હિદાયત ઉપર છે અને તે સઘલા કામિયાબ છે.

(૬) આના બરખિલાફ હવે એવા લોગોની ઝિક્ર આવે છે કે, ઝરૂર તે લોગો કુફ્ર કરી બેસા, ઈન્કારની હાલતમાં છે. એ લોગોને કઈ જ ફરક પડતો નથી, બેવે હાલત બિલકુલ બરાબર છે તેઓ વાસ્તે કે, આપ તેઓને અઝાબે ઈલાહીથી ડરાવો યા ના ડરાવો, તેઓ પોતાનો કુફ્ર છોડવાના નથી, ઝિદ્દ પર કાઈમ રહેશે અને આપના ઉપર ઈમાન નહીં જ લાવે.

(૭) આ કાફિર લોગોની હાલત એવી છે કે, અલ્લાહતઆલાએ તેઓના દિલો ઉપર અને કાન ઉપર મોહર લગાવી દીધી છે. યાઅની ના તો તેઓ કોઈ ભલી વાતને સમઝી શકશે, ના તો તેઓના કાન સાંભલી શકશે. તેઓ દિમાગથી અને કાનથી અપાહીજ બનાવી દેવામાં આવા છે. અચ્છી વાત પણ તેઓના ગલે નહીં ઉતરે. આ સાથે તેઓની આઁખો ઉપર પણ ઢાકણ છે અને તેઓ વાસ્તે મોટો અઝાબ છે. તેઓ હક્કના સાહેબની માઅરેફત કરી જ નહીં શકે, કેમકે, તેઓના દિલ, કાન અને આઁખ ખતમ કરી દેવામાં આવા છે.

(૮) લોગો માંથી એવા પણ છે, જેઓ બાહરથી તો ઈમાનદાર દેખાય છે, કહે છે કે, હમેં અલ્લાહતઆલાનું અને આખિરી દિન-કેયામતનું ઈમાન લાવા છે. મગર હકીકત તો એ છે કે, તેઓ હરગિઝ ઈમાનદાર નથી.

(૯) સાબિત એ થાય છે કે, મુમેનીનનો ખોટો લિબાસ પહેરીને આ લોગો દીનના દુશ્મનો છે, મુનાફિકો છે. આ લોગો અલ્લાહતઆલાને અને મુમેનીનને ઠગે છે, છેતરે છે. સાચી વાત તો એ છે કે, તેઓને એ સમઝ પડતી નથી કે, તેઓ આ તરહની મકરબાઝી કરીને પોતાની ઝાતને જ ઠગે છે. અલ્લાહતઆલા અને મુમેનીનની ઝાત તો તેઓની નાપાકીથી ઘણી જ ઊંચી છે.

(૧૦) બીમાર લોગો બે તરહના હોય, (૧) ઝાહિરમાં અને (૨) બાતિનમાં. અલ્લાહતઆલા મુમેનીનને એ સમઝાવે છે કે, આ મુનાફિકો કઈ ઝહિરી તૌરથી બીમાર નથી. કઈ તેઓના જિસ્માની હાલાતથી તેમની બીમારીની ખબર નહીં પડે, મગર તેઓ દિલના બીમાર છે. તેઓનું દિલ દીનની બાબત શક-શુબેહથી ભરેલું છે. તેઓની બીમારી ઓછી નહીં થાય પણ વક્ત જાતા વધશે અને જે જૂઠ તેઓએ બાંધેલું છે, તેનો અલમનાક અઝાબ તેઓને ઉચકવો પડશે. જેમ મુમિન બનાવાતા નથી પણ જનમથી પૈદા થાય છે, તેમ મુનાફિક બનાવાતા નથી પણ તેના નુત્ફામાં જ નિફાક-ધોકેબાઝી હોય છે. ✫

**નૈક સીરતવાલા લોગો પર ફરિશ્તાઓ કુરબાન થઈ જાય છે.**

## " અય-બેટી "

અલ્લાહતઆલાના ફઝલો અહેસાનથી દાઅવતે શરીફહ તૈયેબીયહના ફરઝંદો-મુમેનીનના ઘરમાં દુખ્તરોની શાદી-ખાના-આબાદીનો ખુશ મૌકો હર સાલ નસીબ થાય છે. અપની જમાઅતની એ ખુશકિસ્મતી છે કે, અહલુલ બૈત (અ.સ.) ની હિદાયતોથી અપને મુશર્રફ છીએ, લેહાઝા અપને દીકરા-દીકરીમાં કોઈ ફરક કરતા નથી. ઔલાદ તે અલ્લાહની લાકીમત દૌલત છે અને અઝીમ નેઅમત છે. **દીકરીનો મકામ ઘરમાં એવો હોય છે કે, તે પોતાના બાવાજીની તમામ કરતા ઝિયાદહ લાડલી અને ચહેતી હોય છે.** બાવાજીને પોતાની દીકરીની ખુશી ખૂબ અઝીમ હોય છે. તે દિલનું ચૈન, કલેજાનો ટુકડો અને આઁખોનું નૂર હોય છે. જે વક્ત તે જવાન થાય છે અને તેની શાદીના અય્યામ કરીબ થાય છે, તો એક બાવાજીના દિલે ઉમ્મીદથી તેની ઝબાનથી કઈ તરહ કલામ અદા થાય છે, તે અશ્આરમાં પૈશ છે.

કુછ દિન કી તું મહેમાન હે ઈસ ઘર મેં, અય બેટી, યાદ આએગી તું શામો સહે હમકો, અય બેટી.
જાને સે તેરે ઘર મેં, અંધેરા સા લગેગા, તુઝ સે હે ચૈન ઔર ચમક ઘર મેં, અય બેટી.
અલ્લાહ કે નબી કી દિલો જાન થી ઝહરા, ઝહરા હી કી સીરત કો તું અપનાના, અય બેટી.
શાદી જો કરબલા મેં થી, શરબત ન થી મહેંદી, હરગિઝ ન ભુલના તું શહીદોં કો, અય બેટી.
ઝૈવર હે ખૂબસૂરતી, ઔરત કા બિલા શક, તકવા કે તું ઝૈવર સે સજાના ઘર, અય બેટી.
શાદી હી સીખાતી હે સબક શરમો હયા કા, ઘર હોતા હે આબાદ યે નેઅમત હે, અય બેટી.
શૌહર કા ઘર હે, ઘર તેરા રહેના સુકૂન સે, કરના સભી કી જાન સે ખિદમત તું, અય બેટી.
સસુરાલ કા ગમ તેરા હે, ખુશીયાઁ ભી હે તેરી, ઘર અપના હી સમઝ કે બસાના તું, અય બેટી.
નફરત કી હો દીવાર વો ઘર, ઘર નહીં હોતા, ઘર વો હે જો ઉલ્ફત કી ઝમીં પર હો, અય બેટી.
બુસ્તાને ઝિંદગી મેં હૈં કાંટોં કે સાથ ફૂલ, કાંટોં કે બીચ ફૂલ સી રહેના તું, અય બેટી.
કોઈ ના તેરા હો સકે, તું ઉસકી બનકે દેખ, ફિર ઝિંદગી લગેગી હસીં ખ્વાબ, અય બેટી.
હાતિમ ઝકી મૌલા કી દોઆ હે શરીકે હાલ, શુક્રે ખુદા તું કર અદા શાદી કા, અય બેટી.
દાઈ કી હે ઉમ્મીદ કે ખુશહાલ રહે તું, અશ્આર કા તોહફા તુઝે અન્વર કા, અય બેટી. ✫

## કસીદહ મુનીરહ

અલ્લાહ સે ઉલ્ફત રખતેં હૈં, કુરઆન સે નિસ્બત રખતેં હૈં, મુમિન હે જો અપને સીનો મેં, ઈમાં કી હરારત રખતેં હૈં.
પોશીદા હે દિલ મેં હુબ્બે નબી, પિન્હાઁ હે દિલ મેં હુબ્બે અલી, ઈસ દિલ કે ખઝાને મેં અપને ફિરદૌસ કી કીમત રખતેં હૈં.
યે જશ્ન હે, જશ્ને સાલગિરહ સૈયેદના ઝકીયુદ્દીં મૌલા, જો શાને શરાફત, ખુલ્કો અતા, માઅસૂમ તબીઅત રખતેં હૈં.
કિતના હે મુબારક આજ કા દિન, આતા હે નઝર ખુશ હર મુમિન, બાંસઠવે બરસ મેં પહેલા કદમ, કિસ શાન સે હઝરત રખતેં હૈં.
કૌસર કે વો હક્કદારોં મેં હે, જો ઈન કે તરફદારોં મેં હે, જન્નત ભી અતા હોગી ઈન કો, જો ઈન સે મોહબ્બત રખતેં હૈં.
રૂત્બા ઈનકા વો પહેચાને, ક્યા શાન હે ઈનકી વો જાને, આઁખોં મેં બસીરત ઔર ઈનસે પાકીઝા અકીદત રખતેં હૈં.
અય કાશ! ઉન્હેં અકલ આ જાયે, ફિરતેં હૈં જો નાદાઁ ઈતરા કર, બુગ્ઝ આલે પયમ્બર સે રખકર, ઉમ્મીદે શફઅત રખતેં હૈં.
કિસ બાત કા ઉનસે કીજે ગિલા, ક્યા કેહકે કોઈ સમઝાએ ભલા, ગૈરોં સે જો ઉલ્ફત રખતેં હૈં, અપનોં સે અદાવત રખતેં હૈં.
આતી હે હસીં ઉન લોગોં પર, હંસતેં હૈં જો અહલે ઈમાઁ પર, ખુદ ગાફિલ દીન કે કામોં સે, ઔર ખ્વાહિશે જન્નત રખતેં હૈં. ✫

**ફજરના વક્ત પર ખુદાની બેશુમાર રહેમતો બંદા પર વરસે છે.**

(પેજ નં. ૪ નું બાકી)

શકીશ." જે વક્ત મઝદૂરીના દસ દિવસ પૂરા થયા તો, જે મુજબ તેએ દસમો હિસ્સો સદકો કરવાની નઝર માનેલી તે મુજબ દસ દિરહમ માંથી એક દિરહમ તે મઝદૂરે સદકો કરી દીધો.

દસ માંથી જે નવ દિરહમ બાકી રહ્યા, તેનાથી તેએ વેપાર-તિજારત શુરૂ કીધી. રિઝકે હલાલ હાસિલ કરવા ખૂબ મહેનત કીધી. જે વક્ત તેના પાસે વીસ દિરહમ થઈ ગયા, તો તેમાંથી બે દિરહમ સદકો કરી દીધા. આ તરહ તે મઝદૂરે જે તરહ નઝર માની હતી તે વાએદા મુજબ સદકો કરવાની આદત ચાલુ રાખી. **યહાઁ તક કે, એક સો દિરહમનું રિઝક તેના પાસે જમા થયું, તો તેએ દસ દિરહમ સદકામાં આપી દીધા.** અરે! બિના તો ત્યાં તક આગલ વધી કે, ૨૦૦ દિરહમ થયા તો તેમાંથી ૨૦ દિરહમ ફી-સબીલિલ્લાહ આપી દીધા. ૧૦૦૦ દિરહમના રિઝકનો તે માલિક બનો તો ૧૦૦ દિરહમ સદકો કરી દીધો.

આ તરહનો અમલે ખૈર તેએ ચાલું રાખો. તેની સખાવતની ચર્ચા અને ફૈયાઝદિલીની ઝિક્ર લોગોમાં આમ થાવા લાગી. થોડા અરસામાં તો તે માલદાર થઈ ગયો. એક ઝમાનામાં જે એક માઅમૂલી મઝદૂર હતો તે હવે બીજા સેંકડો લોગોને મઝદૂરી પર રાખવા લાગો. **તેની કિસ્મતની પૂરી કિતાબ તબ્દીલ થઈ ગઈ.** તે ફક્ત તેના વતનમાં જ નહીં મગર આસપાસના ગામોંમાં પણ તિજારત વાસ્તે કાફલા તૈયાર કરીને સફર કરવા લાગો. ખુદાતઆલાએ રોઝીના દરવાઝા તેના વાસ્તે ખોલી દીધા. મગર ગરીબીમાં રોઝીના દસમાં હિસ્સાને સદકો કરવાની આદત તેની જે હતી તેના પર તે અમીરીમાં પણ કાઈમ રહ્યો. હર વકત રિઝક માંથી ૧૦ મો ભાગ સદકો કરી દે તો હતો.

એક દિન બનું એમ કે, તે મુખ્લિસ શખ્સ પોતાના ઘોડા ઉપર સવાર થઈને જઈ રહ્યો હતો, આસપાસ જંગલ હતું. રસ્તામાં તે કંઈ હાજિત વાસ્તે રૂકો અને ઘોડાને એક દરખ્ત સાથે બાંધીને પોતાના તોશા માંથી જમન કાઢી જમવા લાગો. તેએ જોયું કે, એક મોટો અઝદહા-સાઁપ તેના ઘોડાના પગને લિપટીને બેસો છે. તે મુખ્લિસના ચહેરા સામે જોઈને અઝદહાએ ફન ઊંચું કરીને કહ્યું કે, **"અય ખુદાના બંદા! મને તું અમાન આપ."** મુખ્લિસ જમતો રહ્યો અને અઝદહા ઈલ્તેજા કરતો રહ્યો. જમી રહ્યા પછી મુખ્લિસ અઝદહા પાસે જઈને બેસો અને કહ્યું કે, "હવે તું બતાવ કે તુંને કોનો ખૌફ છે?" અઝદહા બોલો કે, "તું મારી જાન બચાવી લે, કેમકે, એક ખૂઁખાર શખ્સ મને મારવા વાસ્તે ઘણા વકતથી મારા પાછલ પડેલો છે. તું મારાથી ઝરા પણ ના ડર, હું તુંને કઈ જ નહીં કરૂં."

મુખ્લિસે તેને પોતાના તોશામાં છુપાવી દીધો. અઝદહા અંદરથી પુકારો કે, મને તારા નઝદીક તે શિકારીના આવવાનું ગુમાન થઈ રહ્યું છે. શાયદ! તે તુંને પકડશે, તારી તલાશી લેશે અને મને મારી પણ શકે છે. મુખ્લિસ બોલો કે, આ જ અગર થાવાનું હોય તો હવે તું જ મને બતાવ કે, મેં તુંને કહાઁ લઈને જાઉં? અઝદહા બોલો કે, અય મુખ્લિસ! તું એક કામ કર. તું મને તારા તોશા માંથી નિકાલી દે અને તારા મૂઁહને ખોલ અને મને ગિલી જા. **હું તારા પેટમાં છુપવા ચાહું છું.** મુખ્લિસે કહ્યું કે, હું તારા વાસ્તે આ કરવા તૈયાર છું. પણ તું મને વાએદો આપ કે, તું પછી મારા પેટ માંથી પાછો બાહર નિકલી જઈશ. અઝદહાએ કહ્યું કે, "જેમ તું તારા જાનની ફિકર કરે છે તેમ મને પણ તારા જાનની ફિકર છે. હું ઝરૂર તારા પેટ માંથી બાહર નિકલી જઈશ."

મુખ્લિસે મૂઁહ ખોલું અને અઝદહા જલ્દીથી તેના પેટમાં દાખિલ થઈ ગયો. વક્ત ગુઝરતો ગયો પણ તે ખૂઁખાર શિકારીના કોઈ આસાર નઝર ના આવા. મુખ્લિસે ખૂબ સબર કીધો પણ આખિરમાં જે વક્ત તેનું દમ ઘુટવા લાગો તો

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

**ફજરમાં ઔલિયાઉલ્લાહનો વસીલો હર કામમાં બરકત આપે છે.**

(પેજ નં. ૧૦ નું બાકી)

અઝદહાને કહેવા લાગો કે, ચલ અય અઝદહા! હવે મારા પેટ માંથી બાહર નિકલ. અઝદહા બોલો કે, "તું પહેલા મારી એક વાત માન. તું ખુદા અને ખુદાની આયતોના કસમ ખાઈને બોલ કે , તું હવેથી તારા રિઝક માંથી દસમો હિસ્સો સદકો કરવાનું બંધ કરી દઈશ. **જો તું આમ નહીં બોલે તો હું તારા કલેજાને ખાઈ જઈશ. તારા દિલમાં મારૂં ખતરનાક ઝહેર ભરી દઈશ.**"

"અય મુખ્લિસ! મારા આમ કરવાથી તુંને મૌત નહીં આવે મગર હું તુંને કાફિર બનાવી દઈશ. તારા પેટ માંથી નિકલા બાદ તું મને પકડી નહીં શકે યહાઁ તક કે, હું તારી નઝરો સામે ગાઈબ થઈ જઈશ." મુખ્લિસ આ સાંભલીને ઘણો જ પરેશાન થઈ ગયો અને પૂછવા લાગો કે, અય અઝદહા તું કૌન છે? તે બોલો, હું ઈબ્લીસ લઈન છું. મુખ્લિસે કહ્યું કે, તું મને થોડી મોહલત આપ કે, હું આ પહાડ પર પહોંચી જાઉં. પછી તુંને જે કઈ મારા સાથે કરવું હોય તે કરજે. અરે! મને મારી નાંખવો હોય તો મારી નાખજે. મારો એમ ખયાલ છે કે, ઉશ્ર (દસમાં હિસ્સાનો સદકો) બંધ કરવા કરતા તો મરી જાઉં તે મારા વાસ્તે બહેતર છે. અઝદહા રૂપી ઈબ્લીસે મુખ્લિસને મોહલત આપી. તે મુખ્લિસ શખ્સ પહાડના પત્થરો પકડી પકડીને ઉપર ચઢો. ખુબ થાકી ગયો હતો. એ હદ તક આહોઝારી કીધી કે, તે ગશ ખાઈને ત્યાં જ પડી ગયો.

આ હંગામમાં તે પહાડ પર એક બીજો ઘોડેસવાર આવો. તેએ જોયું કે એ શખ્સ બેહોશ પડેલો છે. પાની છાંટીને હોશમાં લાવો. મુખ્લિસને પેટમાં શદીદ દર્દ થાતું હતું. રોતો હતો. તે સવાંરે પૂછ્છું કે, ભાઈ! આ તારી હાલત આમ કેમ છે? તું શું કામ રોઈ છે? મુખ્લિસે પૂરો કિસ્સો કહ્યો. સવારે કહ્યું કે, તું ઝરા પણ ફિકર ના કર. લે, તું આ ફલને ખાઈ જા. થોડી વાર મારા સાથે બેસ. મુખ્લિસ તેના સાથે ફલ ખાઈને બેસો. સવારે કહ્યું કે, **"હવે તું આ ઝાડી પાછલ હાજિત કરવા જા."** જે વક્ત તે ગયો તો તેના પેટ માંથી અઝદહા-સાઁપના ટુકડે ટુકડા નિકલા. મુખ્લિસને પેટના દર્દથી ઈફાકો થયો.

મુખ્લિસે પૂછ્છું કે, અય ઘોડેસવાર! તું કૌન છે? જવાબમાં પોતાનો રાઝ ખોલતા બતાવું કે, મને ખુદાતઆલાએ તુંને એમ કહેવાનું ફરમાવું છે કે, "અય બંદા! તું મારો બની જા તો હું તારી દુનિયા અને આખેરતમાં તારો થઈ જઈશ. આ સાથે તારી આદતે નૈક મુતાબિક તારી પાક રોઝી માંથી હાજિતમંદો વાસ્તે ઉશ્ર-દસમો હિસ્સો સદકો કરા કર. હું તેની જઝામાં તુંને ઝિયાદહથી ઝિયાદહ માલદાર બનાવતો રહીશ." ખુદાતઆલાનો આના વાસ્તે કૌલ એ હતો કે, **"કુન લી, અકુન લકા."**

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઝમાનએ મુબારકમાં એક એવો કિસ્સો ગુઝરો છે કે, જેની ઝિક્ર કરવી યહાઁ પર મુનાસિબ છે. એક શખ્સ આપની મુલાકાતમાં હાઝિર થયો અને કહ્યું કે, મારા પાસે ૧૦ દીનાર છે, તેમાંથી તેનો ઉશ્ર યાઅની એક દીનાર આપના પૈશે ખિદમત છે. પછી બીજો શખ્સ આવો અને કહ્યું કે, યા રસૂલલ્લાહ! મારા નઝદીક ૧૦૦ દીનાર છે અને તેમાંથી ૧૦ દીનાર હું આપને અરઝ કરૂં છું. પછી તે જ વકત તીસરો શખ્સ આવો અને આપની હઝરતે નબવીયહમાં અરઝ કીધી કે, ખુદાતઆલાએ મને ૧૦૦૦ દીનાર અતા કીધા છે, તેનો ઉશ્ર યાઅની ૧૦૦ દીનાર હું આપની ખિદમતમાં અદા કરૂં છું. આપે અસ્હાબને મુખાતિબ થઈને ફરમાવું કે, "આ ત્રણે ભાઈઓએ પોતાના માલના દસમાં હિસ્સાને રાહે ખુદામાં અતા કીધા છે. લેહાઝા, **ખુદાતઆલાના નઝદીક આ તમામનો સવાબ અને બદલો બરાબર બરાબર છે.**" સબક એ હાસિલ થયો કે, શરીઅતના કાનૂનને માતહત કોઈ પોતાના માલને ખર્ચ કરે તો તેના ખર્ચ કરવાની હૈસીયતથી ખુદાતઆલાની નઝરમાં તેનો સવાબ એક જેવો છે.

"ઈન્નલ્લાહા લા યોઝીઓ અજરલ મોહસેનીન" ✩

**રોટલી સાથેનો ફજરનો નાશ્તો હર મુમિનને કરવો જોઈએ.**

## દર હઝરતે ફાતેમીયહ પુરદર્દ નૌહા

### " ઠહેરાઓ જનાઝા "

દરવાઝે પા હે ઝયનબો કુલસૂમ કા નૌહા,
ઠહેરાઓ જનાઝા.
એક બાર ઝરા દેખલે ફિર સૂરતે ઝહેરા,
ઠહેરાઓ જનાઝા.

અબ ખાક મેં છિપ જાએગી ખાતૂને કયામત,
અહમદ કી બિઝાઅત,
દેખેગી કહાઁ બેટીયાઁ કુરઆન સા ચહેરા,
ઠહેરાઓ જનાઝા.

બેચૈન હે દિલ લાશ કો સીને સે લગાયે,
ફિર દિલ કો સંભાલે,
નાના ના રહે સર પા, ઉઠા માઁ કા ભી સાયા,
ઠહેરાઓ જનાઝા.

ગશ ખાને કો હે શબ્બરો શબ્બીર સે પ્યારે,
દુખદર્દ કે મારે,
લે જાઓ યે હસ્નૈન કો સમઝાકે ખુદારા,
ઠહેરાઓ જનાઝા.

ક્યા દેખતે હી દેખતે માઁ હો ગઈ રૂખ્સત,
સેહ સેહ કે મુસીબત,
જાતી હે સુએ ખુલ્દ હમેં છોડકે તન્હા,
ઠહેરાઓ જનાઝા.

હૈહાત અભી ઉમ્ર થી અઠ્ઠારા બરસ કી,
ઔર આઈ કઝા ભી,
ક્યા કહેર હે ઉમ્મતને બડા ઝુલ્મ હે ઢાયા,
ઠહેરાઓ જનાઝા.

માદર કે એવઝ મૌત ના આઈ હમેં યા રબ,
બિન માઁ કે હુએ અબ,
ઘર હો ગયા બરબાદ ચલા દફન કો લાશા,
ઠહેરાઓ જનાઝા.

દુખિયારીયાઁ બિન માઁ કી અભી પીટતી હે સર,
નઝદીક હે બિસ્તર,
ચિલ્લાતી હે સુન લીજીએ ફરિયાદ અય ઝહરા,
ઠહેરાઓ જનાઝા. ☆

## કુરઆન

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, તમેં તમારી આવાઝો ને કુરઆનના પઢવાથી ઝીનત બખ્શો. કુરઆનની તરન્નુમ સાથે કિરાત અલ્લાહને બહુ પસંદ છે. કુરઆનની તાઅલીમ આપનાર શખ્સ ખૈરૂન્નાસ છે, તમામ ઈન્સાનોમાં બેહતર છે અને તે મારી આલ અને એના માનનારા મુમેનીન છે. જો મોઅલ્લિમો ન હોતા તો લોગો ગુમ્રાહ થઈ જાતા. આવો ! કુરઆન પઢીએ. બચ્ચું જે વક્ત "બિસ્મિલ્લાહ" પઢે છે તો અલ્લાહ એના માઁ-બાપ અને એના મોઅલ્લિમને જહન્નમથી બરાત અને અઝાબથી અમાન-નામું લખી આપે છે. ☆

## શરીઅત અપની મુહાફિઝ

ખુદાતઆલાએ ઈમાનને લોગો પર શિર્કની મેલાશ થી પાક થાવા ફરઝ કીધું છે. તેમ, નમાઝને તકબ્બુરી અને બડાશથી ચોખું કરવા, ઝકાતને રોઝીની કુશાદગીનો સબબ બનાવવા, રોઝાને મખ્લૂકના ઈખ્લાસની આઝમાઈશ વાસ્તે, હજ્જને દીનની મઝબૂતી વાસ્તે, જેહાદને ઈસ્લામની ઈઝઝત વાસ્તે, માઅરૂફના હુકમને આમ લોગોની મસલેહત અને ખૈર વાસ્તે, મુન્કરની રોકથામને બુરા લોગોને મીટાવવા વાસ્તે, રિશ્તેદારની મુલાકાતને ઝિંદગીને લંબી કરવા, કિસાસ-બદલો લેવાને ખૂઁરેઝીથી બચાવવા, શરીઅત મુજબ સઝા આપવાને હરામકારીની રોક વાસ્તે, શરાબ પીવાને હરામ કરવું અકલ-સમઝની હિફાઝત વાસ્તે, ચોરીની રોક લગાવવાને પરહેઝગારીને વાજિબ કરવા વાસ્તે, ઝિનાને હરામ કરવું નસલ-નસબની પાકીઝગી બખશવા, લવાતતને રોકવું (મરદ-મરદ અને બૈરો-બૈરો સાથે બદકારી કરે) નસલને વધારવા, આપસમાં શહાદત આપવું એકબીજાના મુઆમેલાત અને વાતચીતમાં એતેમાદ વધારવા, જૂઠ ને મુકવું સચ્ચાઈને શરાફત આપવા, ઈસ્લામને અમાન બનાવું ખૌફને મીટાવવા, ઈમામતના દરજાને કાઈમ રાખવું ઉમ્મતમાં નિઝામ બરાબર કરવા અને સાહબે હક્કની તાઅતને ફરઝ કીધી ઈમામતની અઝમત બરકરાર રાખવા. ☆

**ફજરની નમાઝ અને વરઝિશ જિસ્મો જાનને તંદુરસ્ત બનાવે છે.**

# અખ્બારે હાતિમીયહ

**✻ ૬૨ મી મીલાદે હાતિમીઃ**

૪૫ માં સિરાજુમ્મુનીર, દાઈએ રબ્બે કદીર, સૈ. વ મૌ. હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ની ૬૨ મી મીલાદે સઈદની જશ્નો મજલિસ મુંબઈ શહેરમાં આરાસ્તા થઈ. આપ મૌલાની તખ્તનશીની બાદ શહેરે મુંબઈના મુમેનીન વાસ્તે ખુશીનો આ પહેલો અવસર હતો. આપ મૌલાનો કિયામ મુંબઈમાં ૫ અય્યામનો હતો. ખુબ શાનો અઝમતથી મજલિસે મીલાદ મુન્અકિદ થઈ, જેમાં મદ્રસાના બચ્ચાઓએ મીલાદનો એક ખાસ કસીદો પૈશ કીધો. આકા મૌલાએ તમામ મુમેનીનને વધાવી લીધા અને જે ડ્રાય ફ્રુટનો વધાવો થાલમાં પૈશ કરવામાં આવો હતો તેને આપ મૌલાએ મુમેનીનમાં બરકત વાસ્તે તકસીમ કરાવી દીધો. કેમ આપ આ ના ફરમાવે કે, **"અય મુમેનીન! આ ફક્ત મારી સાલગિરહ નથી પણ પૂરી જમાઅતની સાલગિરહ છે. મારાથી તમેં છો અને તમારાથી આ ગુલ્શને હાતિમીમાં રોનક છે."** આ યાદગાર અય્યામમાં મુમેનીન આપ મૌલાને ઘરના ઈફતેતાહ વાસ્તે, ફજરમાં નાશ્તા સાથે મજલિસ વાસ્તે, મીસાકો ઝિયાફત વાસ્તે અરઝ કરીને આપનો ઈસ્તિકબાલ કીધો.

**✻ સાલેહાત (કોલેજ જાનારી દુખ્તરો) ની ઈલ્મી મજલિસઃ**

૨૬ સફરૂલ મુઝફ્ફર/૨૫-૧૦-૨૦૧૯, યૌમુલ જોમોઅહ, સાંજે ૫:૦૦ વાગે દારૂસ્સાલામ પર હુઝૂરેઆલી સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) એ કોલેજ જાનારી દુખ્તરોનું એક ગ્રુપ કે, જેને સાલેહાતથી નામઝદ કરવામાં આવું છે, તે તમામને મદઊ કીધા. આ મજલિસે ઈલ્મ દારૂસ્સલામના ગાર્ડનમાં મુન્અકિદ કરવામાં આવી હતી. આકા મૌલા અને માઁ સાહેબા સાથે દરજાના સાહેબો અને સાહેબાતની શિરકત હતી. ઘણા જ લુત્ફઅંદોઝ કલામમાં આકા મૌલાની બયાની હતી. સાલેહાતની તમામ દુખ્તરોને આપે હદીયાથી નવાઝીને ઈત્આમુત્તઆમ-જમનની નેઅમત પણ ઈનાયત કીધી. આકા મૌલાના બૈતે શરફ પરની ઝિયાફત અને ઈઝન આઅલામાં આઅલા કહેવાય છે.

આપ મૌલાએ ફરમાવું કે, "અય દુખ્તરો! આજનો વક્ત એજ્યુકેશન હાસિલ કરવાનો છે. આ સાથે જ ઘરમાં તમેં રહેતા હોવ તે તરફ તમારી ઝિમ્મેદારી શું છે, તેને નિભાવવાનો છે. તમારા વાસ્તે પહેલા તમારૂં ઘર છે પછી તમારી કોલેજની તાઅલીમ છે. તમારી ઊંચી ડીગ્રી યા કેરીયરથી ઈઝઝત હાસિલ થાય તે કાફી નથી **પણ ઘરકામમાં પુખ્તગી અને ઘરેલું મુઆમેલાતમાં સંજીદગી પણ એટલી ઝરૂરી છે.** કેરીયર બનાવતા પહેલા કોઈ ઈઝઝતદાર દીનદાર દીકરા સાથે નિસ્બત કરી લેવી તકાઝએ વક્ત છે. જેમ તમેં હર કામને તેના વક્ત પર કરી લેવાની ઉમ્મીદ બાંધો છો તેમ રિશ્તો કરવાનો પણ એક વક્ત છે, ઉંમર છે."

**✻ દારૂસ્સલામના ગાર્ડનને ગ્રીન એવોર્ડઃ**

૪ રબીઉલ આખર/૦૧-૧૨-૨૦૧૯, યૌમુલ અહદ, દિવ્ય ભાસ્કર અખ્બારના ગ્રીન એવોર્ડના માતહત હુઝૂરઆલી આલા મૌલા (ત.ઉ.શ.) ની રિહાઈશગાહ દારૂસ્સલામ પર બનેલા ગાર્ડનને પૂરા વડોદરા શહેર માંથી આવેલી ૮૦૦ જેટલી એન્ટ્રીઝ માંથી પહેલા ગ્રીન એવોર્ડથી નવાઝવામાં આવેલું છે. અલ-મૌલા અલ-મુકદ્દસ સૈ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) આપના આ મકામે શરીફ પર ૧૪૧૯ હિ./૧૯૯૮ ઈ. થી મુકીમ-પીઝીર હતા. આ મુબારક જગાને એક દાઈએ હક્કની આઅલા રિહાઈશ બનાવવાને વાસ્તે આકા મૌલા કે, જે તે વક્ત માઝૂને મુત્લકના (બકીયાહ પેજ નં. ૧૪ પર)

**ઈબાદતે ખુદાવંદી બાદ ફજરમાં માઁ-બાવાજીની મિઝાજપુરસી હઝાર નેઅમત કરતા અફઝલ છે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

દરજા પર હતા, આપે મુસલસિલ ૭ સાલ તક દિલો જાન લગાવી દીધી હતી. આ બેવે મૌલાની દોઆઓનો અને આપના કદમ મુબારકની બરકતનો આ કરિશ્મો છે.

દારૂસ્સલામ, જન્નતનું એક નામ છે, લેહાઝા અલ-મૌલા અલ-મુકદ્દસની એમ દિલી ખ્વાહિશ હતી કે, આપની રિહાઈશને ઈર્દ-ગિર્દ એવા દરખ્તો હોય કે, જેમાં ફલ-ફૂલની મહેક આવતી હોય અને દિલને સુકૂન હાસિલ થાય. આપના ઝમાનએ મયમૂનમાં અને આપના ઈન્તેકાલ બાદ પણ એવા ચુનંદા દરખ્તો ઉગાડવામાં આવા છે કે, હર મૌસમમાં કોઈના કોઈ છોડ પર તેના પર આવતા દિલકશ ફૂલો મૌજૂદ હોય. તકરીબન ૧૧૦ વેરાયટીના ફૂલ, ફલ, શાકભાજી અને મેડીસનલ પ્લાન્ટસ ઉગાવવામાં આવા છે. જે સાહેબ ગાર્ડનને જજ કરવા આવા હતા, તેઓએ કમેન્ટસમાં કહ્યું કે, "**આ તરહનું ગાર્ડન તે જ વક્ત થઈ શકે, જે વક્ત તેનો એક ફેમિલી મેમ્બર તરીકે ખ્યાલ રાખવામાં આવે.** જેમ બરાબર જમન અને કપડાથી કોઈ શખ્સ તંદુરસ્ત અને ખૂબસૂરત લાગે છે, તેમ દરખ્તોને વક્ત પર ખાતર આપવાથી અને તેનું કટીંગ કરવાથી તેમાં ખુબસૂરતી વધે છે. આ ખાસીયત દારૂસ્સલામના ગાર્ડનમાં મૌજૂદ છે."

**✵ ઉમ્રહ મુફરદહની સફરે મયમૂનઃ**

આ સાલ રબીઉલ અવ્વલના ઈબ્તેદામાં હુઝૂરેપુરનૂર આકા મૌલા (ત.ઉ.શ.) ના ફરમાને આલીથી રાસુલહુદૂદ સાહેબ (દા.મ.) ૭૦ મુમેનીનને હમરાહ "અલ-અઝહર" ના ગિરોહને માતહત ૧૪ અય્યામ વાસ્તે ઉમ્રહ મુફરદહ વાસ્તે પધારા હતા. હર સાલની રસમ મુજબ સાહેબે દાઅવતની સદારત, રાહનુમાઈ અને નિગરાનીમાં એક-એક કાફલો કરબલા અને ઉમ્રહ વાસ્તે મુરત્તબ થાય છે. પૂરા અરકાન, નમાઝો અને દોઆઓની અદાયેગી સાથે મુમેનીન સાહેબે દાઅવતથી રૂહાની અને ઈલ્મી ફાયદો લે છે. જે અલગ રીતે કોઈ પણ મનફાવતી ટૂર્સમાં જાવાથી મુમ્કિન બનતું નથી. સદરે કાફલા અને અલમબરદારે હિદાયત ના હોવાના સબબ તેમાં શામિલ લોગોમાં ઈત્તેહાદ રહેતો નથી, સહી વક્ત પર સહી ચીઝ થાતી નથી, પચરંગી લિબાસના સબબ રોનક અને નૂરાનીયત રહેતી નથી અને જેના મનમાં જે આવે છે તે મુજબ લોગો કરે છે. યહાઁ વતનમાં આવા બાદ તે બેસર ગ્રુપની કોઈ હકીકત બાહર આવતી નથી. લોગો પૈસા તો ખર્ચે છે, **મગર આઅમાલ, નિય્યત, દોઆઓ, વસીલાઓ અને માઅલૂમાતમાં કોતાહી અને કુસૂર કરી બેસે છે**.

આકા મૌલાની દોઆઓના સબબ રાસુલ હુદૂદ સાહેબે મક્કએ મુઅઝ્ઝમહ અને મદીનએ મુવ્વરહમાં કાઅબાનું હરમ હોય કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નું હરમ હોય, મુમેનીનને હર જગા પર મુકમ્મલ અરકાન, મનાસિક, નમાઝો, વસીલાઓ, તારીખી વાકેઆત, જગાની અહેમીયત, હાલાતે હાઝેરહ અને સવાબો અજરના બયાનાત ફરમાવા અને અહલુલ બૈત (અ.સ.) ના મઝહબે પાકીઝા અને આઅમાલે ખાસ્સહથી વાકિફ કીધા. મુમેનીનને એમ અહેસાસ થયો કે, સાહેબે રઝાની સદારતમાં કાફલાની જે મુજબ તરતીબ અપાય છે અને હર ચીઝ બરાબર અદા થાય છે તેના સામે પૈસાની કોઈ કીમત નથી. ૧૪ અય્યામની ઈલ્મી સોહબત આઅલામાં આઅલા ખઝાનાઓ કરતા ભારી અને લાસાની છે. ✩

**માલ તો તમારા હોવા યા ન હોવા પર તમારા લોગો દરમિયાન તકસીમ થઈ જાશે અને ઈલ્મ તો તમારા હર અમલને મઝબૂત કરે છે અને જન્નત તરફ લઈ જાવાનો સબબ બને છે.**

**ફજરની તાઝગી બદનને ચુસ્ત બનાવે છે.**

## લફ્ઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**

૧) સવારના નાશતામાં ______ બનાવેલી ગરમ-ગરમ રોટલી સેહત વાસ્તે ખૂબ છે. (૨)

૨) ઈન્નલ્લાહા હોવર રઝ્ઝાકો ઝુલ કૂવતિલ ______.(૩)

૩) અંજીર, અનાર, ખજૂર વગૈરહ ફલોની ઝિક્ર કુરઆને કરીમમાં છે. આ જ મિસિલ એક એવું ફલ કે જેના દાના લૂમની શિક્લમાં થાય છે. તેને શું કહે છે? (૩)

૭) આ દુનિયામાં ઈન્સાનની શયતાન સાથે ખુલ્લી જંગ છે. જે શખ્સ શયતાનથી ______ હાસિલ કરશે તો ખુદાનો અઝીમ-તરીન બંદો બની જાશે. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ╳ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✵ આડી તરકીબ :**

૨) કુરઆને કરીમમાં એવી ઘણી આયતો છે કે જેના વાસ્તે રસૂલુલ્લાહ બાવાજીએ ______ બયાન ફરમાવીને તેની વઝાહત કીધેલી છે. (૩)

૪) રૂબરૂમાં ______ મુલાકાત લેશો તો ગૂફતગૂમાં મઝા આવશે. (૨)

૫) દિન અને ______ પણ ખુદાતઆલાની નિશાનીઓ માંથી છે. (૨)

૬) કરીબ, આગલ, નઝદીક. (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | શ | | |
| | ક | બ | ર | |
| સ | દી | ╳ | સૂ | લી |
| | મ | લા | લ | |
| | | જ | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર રબીઉલ આખર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ✩


## તિજારત

યા અલી મદદ

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

**ભાઈસાહેબ ઈબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩** ✩

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**

**" ઝૈબાઈશ "**

બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે, પાણીગેટ, વડોદરા.

**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬** ✩

## તિજારત

**હજારીવાલા** અબ્બાસઅલી - ૯૭૧૪૪૩૦૩૧૪

**R.T.O. ને લગતા દરેક કામ કરી આપવામાં આવશે તથા પાનકાર્ડ કાઢી આપવામાં આવશે.**

શ્રી અંબે વિદ્યાયલ પાસે, સનમીલન ફ્લેટ સામે, વાઘોડીયા ચોકડી, વાઘોડીયા રોડ, વડોદરા. ✩


**આદમી તું હે તો કર અચ્છે અમલ,**
**આદમી તું હે તો સીધી રાહ પે ચલ,**
**યે નહીં કાનૂન કુદરત કા અટલ,**
**તેરે કામોં કે મિલેંગે તુઝકો ફલ.**

----

**નૈકીયોં મેં હે શરાફત કી બહાર,**
**હે શરીફ કા હમેશા એઅતેબાર,**
**રખ જહાઁ મેં નૈક કામોં પર અમલ,**
**તેરે કામોં કે મિલેંગે તુઝકો ફલ.**

**ફજરમાં બા-વુઝૂ થઈને વેપાર-જોબ પર જાવું રોઝીમાં કુશાદગી લાવે છે.**

## કિરદાર

ખયાલોં કી હિફાઝત કરો ક્યોંકી
યે અલ્ફાઝ બન જાતેં હૈં,
અલ્ફાઝ કી હિફાઝત કરો ક્યોંકી
યે આઅમાલ બન જાતેં હૈં,
આઅમાલ કી હિફાઝત કરો ક્યોંકી
યે કિરદાર બન જાતેં હૈં,
કિરદાર કી હિફાઝત કરો ક્યોંકી
યે હમારી પહેચાન બન જાતેં હૈં. ✯

## અખબારે કૌમી

બિદઆતો ખુરાફાત કા હે મદફન,
મિશ્કાતુલ હાદી,
અખ્બારો અહાદીસ કા હે મખ્ઝન,
મિશ્કાતુલ હાદી,
દેતા હે જો ઈલ્મો અમલ કી હમેં ખુશ્બૂ,
ઈસ તરહ દીં કે ફૂલોં કા હે ગુલ્શન,
મિશ્કાતુલ હાદી. ✯

## નામ નહીં કામ

हे ઝરૂરી ઈત્તેહાદ બાહમી કે પાસ્તે,
લે ચરાગે હુબ્બે હયદર રોશની કે પાસ્તે,
માતમો ઝારી કરેં હમ ઝિંદગી કે પાસ્તે,
હુબ્બે સરવર હે ઝરૂરી બંદગી કે પાસ્તે,
તબ નવાઝેગા ખુદા હમ કો હસીં ઈન્આમ સે,
સિર્ફ યે કાફી નહીં હમ જાને જાએં નામ સે. ✯

## ઝરૂરતે હયદર

જાહિલ કી તરફદારી, આલિમ સે હે બેઝારી,
ઈસ દૌર કી કિસ્મત મેં એક યે ભી શરારત હે.
દુનિયા કે મસાઈલ હો, યા દીની મસાઈલ હો,
હર દૌર મેં હમ સબ કો તાદીબ કી હાજત હે.
હોતા જો ઝરૂરી હે હર કૌમ કા એક મરકઝ,
યું દાઈએ બરહક્ક કી મિલ્લત કો ઝરૂરત હે.
જાગા હુવા ફિત્ના હે સોઈ હુઈ ઉમ્મત હે,
અબ પૈશે નઝર મેરે દરદે દિલે મિલ્લત હે.
હર સિમ્ત ફિરઔનીયત છાઈ હે ઝમાને મેં,
ફિર દીન કો ખાલિક કે હયદર કી ઝરૂરત હે. ✯

**ઘરમાં સુકૂનો કરાર વાસ્તે ફજરમાં અઝાનની નિદા થાવી ઝરૂરી છે.**

**ફજરમાં જો કોઈ તિલાવતે કુરઆન કરે તો તે ઘરમાં ફરિશ્તાઓનું નૂર દાખિલ થાય છે.**

**નોંધ :** **મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.